# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) ઓપરેશન સિંદૂરને એક વર્ષ પૂર્ણ... ભારતે કહ્યું કે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને પહલગામ આતંકવાદી હુમલાનો જડબાતોડ જવાબ મળ્યો. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ દેશના સૈન્યની કામગીરીને બિરદાવી

2) તમિલનાડુના રાજ્યપાલે ટીવીકે પ્રમુખ સી. જોસેફ વિજયને સરકાર બનાવવા માટે જરૂરી બહુમતી સમર્થન ન હોવાનું જણાવ્યું

3) વિયેતનામના રાષ્ટ્રપતિ મુંબઇમાં બિઝનેશ ફોરમને સંબોધતા કહ્યુ કે ભારત અને વિયેતનામ પાસે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં મુખ્ય ભૂમિકા ભજવવાની તક

4) ઇઝરાયલે લેબનોનમાં ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહના ઠેકાણા પર હુમલો કર્યો

5) IPL ક્રિકેટમાં RCBએ ટોસ જીતીને લખનઉ સુપર જાયન્ટ્સને બેટિંગ સોંપ્યુ..

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# MEA BRIEFING

ભારતે આજે કહ્યું કે તેણે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને સરહદ પાર આતંકવાદને પ્રોત્સાહન આપવા બદલ યોગ્ય જવાબ આપ્યો છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ભાર મૂક્યો કે પાકિસ્તાન લાંબા સમયથી સરહદ પાર આતંકવાદનો ઉપયોગ રાજ્ય નીતિના સાધન તરીકે કરે છે. તેમણે કહ્યું કે ભારતને આતંકવાદ સામે પોતાનો બચાવ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને આતંકવાદ સામેની વૈશ્વિક લડાઈને મજબૂત બનાવવા માટે કાર્યવાહી યથાવત રાખશે.

( BYTE- RANDHIR JAISWAL- OPERATION SINDOOR )

ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને સ્વદેશ પરત મોકલવા અંગેના પ્રશ્નના જવાબમાં, શ્રી જયસ્વાલે કહ્યું કે બાંગ્લાદેશમાં રાષ્ટ્રીયતા ચકાસણીના બે હજાર 860 થી વધુ કેસ પેન્ડિંગ છે.

( BYTE- RANDHIR JAISWAL- BANGLADESH )

કેનેડામાં ખાલિસ્તાની જૂથો અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે ભારતે સતત ઉગ્રવાદી અને અલગતાવાદી તત્વો દ્વારા કેનેડિયન પ્રદેશના સલામત આશ્રયસ્થાન તરીકે ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી છે. શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે વારંવાર કેનેડા સરકારને તેની ભૂમિ પરથી કાર્યરત ભારત વિરોધી ઉગ્રવાદી તત્વો સામે અસરકારક કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

# PREZ OPERATION SINDOOR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓપરેશન સિંદૂરને આતંકવાદ અને આપણા સાર્વભૌમત્વ અને નાગરિકોની સલામતી માટે જોખમરૂપ તમામ પરિબળો સામે ભારતના અટલ સંકલ્પનું નિર્ણાયક પ્રમાણ ગણાવ્યું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે પહેલગામ ખાતે થયેલા ક્રૂર હુમલાનો યોગ્ય અને અનુકરણીય ચોકસાઈ સાથે સામનો કરવામાં આવ્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો કે જે લોકો ભારતને ધમકી આપવા માંગે છે તેઓએ જાણવું જોઈએ કે આપણું રાષ્ટ્ર સતર્ક, સંયુક્ત અને તાકાતથી જવાબ આપવા માટે સજ્જ છે.

# PM MODI ON OPERATION SINDOOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ આતંકવાદને હરાવવા અને તેના સક્ષમ ઇકોસિસ્ટમને તોડી પાડવાના પોતાના સંકલ્પમાં અડગ છે. ઓપરેશન સિંદૂરના એક વર્ષ પૂર્ણ થવા પર સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન દરમિયાન અપ્રતિમ હિંમત, ચોકસાઈ અને સંકલ્પ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે દળોએ પહેલગામમાં નિર્દોષ ભારતીયો પર હુમલો કરવાની હિંમત કરનારાઓને યોગ્ય જવાબ આપ્યો. શ્રી મોદીએ એમ પણ ઉમેર્યું કે સમગ્ર રાષ્ટ્ર સશસ્ત્ર દળોને તેમની બહાદુરી માટે સલામ કરે છે.

# TAMILNADU POLITICS

તમિલનાડુમાં, રાજકીય મડાગાંઠ વચ્ચે, નવી સરકાર બનાવવા માટે વાટાઘાટો ચાલી રહી છે. આ સંદર્ભમાં, રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે આજે ચેન્નાઈના લોકભવનમાં ટીવીકે પ્રમુખ સી. જોસેફ વિજયને આમંત્રણ આપ્યું હતું. લોકભવન તરફથી પ્રેસ નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે બેઠક દરમિયાન, રાજ્યપાલે સમજાવ્યું હતું કે સરકાર બનાવવા માટે તમિલનાડુ વિધાનસભામાં જરૂરી બહુમતી સમર્થન સ્થાપિત થયું નથી.

# INDIA-VIETNAM-BUSINESS FORUM

વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામે આજે ભાર મૂક્યો હતો કે ભારત અને વિયેતનામ પાસે આજના બદલાતી વિશ્વ વ્યવસ્થામાં વૈશ્વિક સપ્લાય ચેઇનમાં મુખ્ય ભૂમિકા ભજવવાની નોંધપાત્ર તક છે. મુંબઈમાં ભારત-વિયેતનામ બિઝનેસ ફોરમને સંબોધતા, શ્રી લેમે જણાવ્યું હતું કે ભૂતકાળમાં બંને દેશોએ પરસ્પર સહયોગથી ઘણા પડકારોનો સામનો કર્યો છે અને ભારતીય કંપનીઓ, ખાસ કરીને અત્યાધુનિક ટેકનોલોજી ક્ષેત્રોમાં કામ કરતી કંપનીઓને વિયેતનામમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે બોલતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને વિયેતનામ જેવા દેશોમાં ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને વ્યાવસાયિકો એશિયાના ભવિષ્યને આકાર આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# ISRAEL-HEZBOLLAH

ઇઝરાયલે આજે જણાવ્યું હતું કે તેમણે લેબનોનના નબાતીહ વિસ્તારમાં આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહના ઠેકાણા પર હુમલો કર્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ઇઝરાયલી વાયુસેનાએ જણાવ્યું હતું કે, દક્ષિણ લેબનોનમાં આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના આશરે 20 જેટલા લશ્કરી સ્થળો પર હુમલા કર્યા હતા. ઇઝરાયલી સંરક્ષણ દળોએ ઇઝરાયલી નાગરિકોના રક્ષણ માટે આ હુમલા કર્યા હોવાની સ્પષ્ટતા કરાઇ હતી. IAF એ જણાવ્યું હતું કે, યુદ્ધવિરામ સમજૂતીની શરૂઆતથી, 220 થી વધુ આતંકવાદીઓ અને હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠનના ખતરારૂપ કમાન્ડરોને ખતમ કરવામાં આવ્યા છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે બેરૂતના દહિયેહમાં હુમલામાં, વાયુસેનાએ હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠનમાં રાદવાન ફોર્સ યુનિટના કમાન્ડરને ખતમ કરી દીધો હતો.

# DETAILED STOCKS

આજે સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં નરમાઈ જોવા મળી હતી, સેન્સેક્સ 114 પોઇન્ટ ઘટીને 77 હજાર 845 પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ચાર પોઇન્ટ ઘટીને 24 હજાર 327 પર બંધ થયો હતો. જોકે, નેશનલ સ્ટોક એક્સચેન્જ વધારા સાથે બંધ થયું હતું. મિડકેપ-100 1.1 ટકા અને સ્મોલકેપ-100 0.9 ટકા વધ્યો હતો.

સેન્સેક્સ પેકમાં, 30 માંથી 19 કંપનીઓના શેરમાં નુકસાન નોંધાયું હતું. ટોચના નબળા પ્રદર્શન કરનારાઓમાં, હિન્દુસ્તાન યુનિલિવર, TCS અને ટેક મહિન્દ્રા 1.3 હતા. જ્યારે મહિન્દ્રા અને મહિન્દ્રા, NTPC લગભગ અને કોટક બેંક ટકા વધ્યા હતા.

# WEST BENGAL ARREST

પશ્ચિમ બંગાળમાં, ભાજપના ધારાસભ્ય સુવેન્દુ અધિકારીના નજીકના સાથી ચંદ્રનાથ રથની હત્યામાં, રાજ્ય પોલીસે ત્રણની ધરપકડ કરી છે. પોલીસે સાત સભ્યોની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની પણ રચના કરી છે. તે CID ના IG ની દેખરેખ હેઠળ તપાસ કરશે.

દરમિયાન, પોલીસે હત્યા કેસમાં સિલિગુડીના એક રહેવાસીને કસ્ટડીમાં લીધો અને તેની તપાસ કરી. ગઈકાલે રાત્રે ચંદ્રનાથ રથની હત્યા કરનારા હુમલાખોરો દ્વારા તેની કારની નંબર પ્લેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. લગભગ ત્રણ કલાકની તપાસ બાદ, પોલીસે તેને વધુ તપાસમાં સહકાર અને મદદ કરવાની ખાતરી સાથે છોડી દીધો.

# ARCHERY

તીરંદાજીમાં, ભારતીય મહિલા રિકર્વ ટીમે આજે ચીનના શાંઘાઈ ખાતે સેમિફાઇનલમાં રેકોર્ડ સર્જી 10 વખતની ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયા પર શાનદાર જીત મેળવીને વર્લ્ડ કપ સ્ટેજ 2 માં દેશનો પહેલો મેડલ જીત્યો. અનુભવી દીપિકા કુમારી, અંકિતા ભકત અને કિશોર કુમકુમ મોહોડની મહિલા ટીમે દક્ષિણ કોરિયાની ટીમને 5-1 થી હરાવીને બીજા ક્રમાંકિત ચીન સામે ગોલ્ડ મેડલ મુકાબલો કર્યો.

જોકે, અનુભવી તરુણદીપ રાય, ધીરજ બોમદેવરા અને યશદીપ ભોગેની ભારતીય પુરુષ ટીમને બાંગ્લાદેશ સામે 2-6 થી હારનો સામનો કરવો પડ્યો. મિશ્ર ટીમ ઇવેન્ટમાં પણ ભારતનું અભિયાન સમાપ્ત થયું જ્યાં ધીરજ બોમદેવરા અને અંકિતા ભકતની જોડી બીજા રાઉન્ડમાં બ્રાઝિલ સામે હારી ગઈ.

# MANDAVIYA-SPORTS CONCLAVE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે જણાવ્યું હતું કે ભારતનું રમતગમત ભવિષ્ય રમતવીરો, ફેડરેશનો અને સરકારો વચ્ચે મજબૂત સંકલન પર આધાર રાખે છે. તેમણે નવી દિલ્હીમાં નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન કોન્ક્લેવ 2026 ને સંબોધતા આ વાત કહી હતી. ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે આ કોન્ક્લેવ કોમનવેલ્થ ગેમ્સ 2026, એશિયન ગેમ્સ 2026 અને સમર ઓલિમ્પિક્સ 2028 સહિત આગામી વૈશ્વિક રમતગમત કાર્યક્રમો માટે ભારતની તૈયારી તરફ એક સંકલિત પગલું છે. તેમણે જાગૃતિ, શિક્ષણ અને કડક કાનૂની પગલાં દ્વારા ભારતીય રમતગમત ઇકોસિસ્ટમમાંથી ડોપિંગ નાબૂદ કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. મંત્રીએ ફેડરેશન, કોચ અને સહાયક સ્ટાફને દેશમાં સ્વચ્છ અને પારદર્શક રમતગમત વાતાવરણ સર્જવા માટે સક્રિયપણે યોગદાન આપવા વિનંતી કરી હતી.

આ કોન્ક્લેવમાં ભારતના વિકસતા રમતગમત રોડમેપ, ખેલો ઇન્ડિયા મિશન મેડલ સ્ટ્રેટેજી, રમતગમતના માલના ઉત્પાદનને પ્રોત્સાહન, વૈજ્ઞાનિક ફિટનેસ પ્રોટોકોલ અને રમતવીર મૂલ્યાંકન, ડોપિંગ વિરોધી કાયદાઓને મજબૂત બનાવવા અને રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ, 2025 હેઠળ રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન માટે તકનીકી હસ્તક્ષેપો પર ચર્ચા પણ કરવામાં આવી હતી.

# VASTI GANATRI VAN

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનર (RG & CCI) એ આજે જનગણના ભવન, નવી દિલ્હીથી છ જાગરૂકતા વેનને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. આ પહેલ વસ્તી ગણતરી 2027 ના પ્રથમ તબક્કા, એટલે કે હાઉસલિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ (HLO) માટે દિલ્હી એનસીટીમાં જાહેર આઉટરીચ અભિયાનનો એક ભાગ છે.આ વસ્તી ગણતરી જાગૃતિ વેન સમગ્ર દિલ્હી એનસીટીમાં પ્રવાસ કરશે અને વસ્તી ગણતરીમાં સહભાગિતા, સ્વ-ગણતરી (SE) સુવિધા, વસ્તી ગણતરી 2027 ની મુખ્ય લાક્ષણિકતાઓ અને ફિલ્ડ વિઝિટ દરમિયાન ગણતરીકારો (એન્યુમરેટર્સ) ને જાહેર સહકાર આપવાના મહત્વ વિશેના સંદેશા પહોંચાડશે. આ અભિયાનનો ઉદ્દેશ્ય માહિતીનો વ્યાપક પ્રસાર કરવાનો, જનજાગૃતિ વધારવાનો અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં વસ્તી ગણતરીની કામગીરીને સુચારુ બનાવવાનો છે.

હાઉસલિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ કામગીરી (HLO) હાલમાં દિલ્હી એનસીટીમાં ચાલી રહી છે. નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ (NDMC) અને કેન્ટોનમેન્ટ બોર્ડ વિસ્તારોમાં 15 એપ્રિલ, 2026 ના રોજ એચએલઓ સેલ્ફ-એન્યુમરેશન પૂર્ણ થયા બાદ, ગણતરીકારો દ્વારા ઘરે-ઘરે જઈને મુલાકાત લેવાની પ્રક્રિયા 16 એપ્રિલ, 2026 થી શરૂ થઈ છે અને તે 15 મે, 2026 સુધીમાં પૂર્ણ થશે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે લખનઉમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCB અને લખનઉ સુપર જાયન્ટ્સ-LSG વચ્ચે મેચ રમાઈ રહી છે. RCB ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. હમણાં મળતા અહેવાલ મુજબ લખનઉ સુપર જાયન્ટ્સના 3 ઓવરમાં વિના વિકેટે 27 રન થયા છે.